ગાંધીનગર સમાચાર



રક્ષાબંધનના હાર્દને ગાંધીનગરના બે યુવાનોએ ખરા અર્થમાં સાકાર કર્યો

## @ગાંધીનગર

● સે. ૨૨, પંચદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સાવનભાદોના હિંડોળા. સાંજે ૬ થી ૮.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● સે. ૭ ખાતે વિપશ્યના જુના સાધકો માટે સામુહિક સાધના તેમજ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

● સે. ૧૭ ટાઉનહોલ ખાતે રોટરી કલબ દ્વારા સિનીયર સીટીઝન માટેનો બીજી ઈનીંગ નામનો કાર્યક્રમ સવારે ૮.૩૦ થી સાંજે ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે. કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર વક્તવ્ય યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ દ્વારા લયબદ્ધ શ્વસન અને સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ બલરામ મંદિર, સે. ૧૨ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

● જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા જય અંબે અખંડધૂનનું કાર્યક્રમ મોટા અંબાજી મંદિર ખાતે સવારે ૯ થી રાત્રે ૮ કલાક દરમિયાન યોજાશે.

● શ્રાવણ માસ નિમિત્તે રુદ્રાભિષેક મંડળનો લઘુરુદ્રાભિષેક ઘનશ્યામભાઈ શુકલના નિવાસસ્થાન ૪૫, વૃન્દાવન બંગલો ઈન્ફોસીટી ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે. ૨ સ્વામિનારાયણ મંદિર ખાતે સિક્કાના હિંડોળા યોજાશે.

● સે. ૩ સ્થિત રામેશ્વર મંદિર ખાતે અન્ન અને ફ્રુટના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રુદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ સંજયકુમાર પંડ્યાના નિવાસસ્થાન બી-૨૦૩, દ્વારકેશ રેસીડેન્સી, 'ક' રોડ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે. ૨૩ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્નપાઠ અને સ્તુતીવંદના સ્વ. અરવિંદભાઈ પંડ્યાના નિવાસસ્થાન બ્લોક નં. ૨૯/૪, છ-ટાઈપ, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત પાઠ રવિવારે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન દિલીપભાઈ જોષીના નિવાસસ્થાન ૩૫/૨, છ-ટાઈપ, સે. ૨૩ ખાતે યોજાશે.

● અમદાવાદના અનામત આંદોલન મામલે થયેલા રમખાણોમાં મૃત્યુ પામેલા મૃતકોને આજે સવારે ૧૦ કલાકે સે. ૧૨ સ્થિત ઉમા હોલ ખાતે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# નગરમાં ખાંસી, શરદી અને તાવના વાવર

ગાંધીનગર, તા.૨૮

નગરમાં વરસેલા ધોધમાર વરસાદે સંતાકુકડી શરૂ કરી દીધી છે. જેથી ગરમી-ઠંડીનું વાતાવરણ ઉભું થયું છે. મિશ્ર વાતાવરણ અનેક લોકોની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થતા તાવના વાવર વધી રહ્યા હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

નગરમાં ખાબકેલા વરસાદના પાણી હજુ સુકાયા નથી વાતાવરણ એકદમ ઠંડુ થઈ જાય છે જેથી માનવ શરીર બે પ્રકારના વાતાવરણથી ટેવાયેલો ન હોવાથી રોગનો ભોગ બને છે. જેમાં આવા વાતાવરણથી ખાંસી, શરદી અને

## ગરમી-ઠંડીના મિશ્રણથી વાતાવરણ દુષિત થયું લોકોની રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો

જીવાતોના ઉપદ્રવથી દુષિત બની ગયું છે જેની સીધી અસર લોકો ઉપર જોવા મળી રહી છે. હાલ નગરમાં ખાંસી, શરદી અને તાવના ઘેર ઘેર દર્દીઓ જોવા મળી રહ્યા છે. જો કે યોગ્ય વાતાવરણના અભાવે પરંતુ વરસાદી મોસમમાં પણ મેઘરાજા મહેર ન કરતાં વાતાવરણ ડહોળાઈ ગયું છે. અતિશય બફારો, ગરમી વચ્ચે સતત પંખા, એસી અને ઠંડા પાણીનો સહારો લેવો પડે છે ત્યારે મોડી રાત્રે તાવ જેવા રોગ માથું ઉંચકે છે.

દિવસ દરમિયાન ઉકળાટ ભરેલા વાતાવરણથી લોકો હેરાન પરેશાન થઈ ઉઠયા છે અને વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. ઠંડી ગરમીના અહેસાસ વચ્ચે જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે અને લોકોમાં રોગ પ્રતિકારક શકિત ક્ષીણ થતાં બેકટેરીયલ રોગ ઉભા થઈ રહ્યા છે. વધુમાં ખોરાક પાણી પણ બે ઋતુના અસરમાં અપાચ્ય બને છે જેમાં વળી ઠંડુ ખાવાથી શરદી, ખાંસી જેવા રોગો ઉભા થાય છે તો અતિશય ગરમી અને બફારામાં ગરમ ખાવાથી શરીરમાં ઉકળાટ વધે છે જેથી હાલના આ દુષિત વાતાવરણે લોકોનું જીવવું દોહ્યલું બનાવી દીધું છે.

નગરમાં ખાનગી અને સરકારી દવાખાનામાં શરદી, ખાંસી, તાવ અને માથુ દુઃખવું જેવી ફરીયાદો લઈ અનેક દર્દીઓ સારવાર લેવા આવી રહ્યા છે. જેમાં



વળી મહિલાઓ બાળકો અને વૃધ્ધોની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે જો કે તબીબોએ આવા વાતાવરણમાં પાચ્ય ખોરાક લેવા અને એકદમ ઠંડા પ્રવાહીઓથી દુર રહેવા સલાહ આપે છે.

# રક્ષાબંધનના હાર્દને ગાંધીનગરના બે યુવાનોએ ખરા અર્થમાં સાકાર કર્યો

## માર્ગ ઉપર ભટકતી દીકરીને ધર્મની બહેન બનાવી રાખડી બંધાવી



ગાંધીનગર, તા. ૨૯

રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી ભારતભરમાં હર્ષોલ્લાસ સાથે થઈ રહી છે. ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકસમા આ તહેવારને ગાંધીનગરના બે યુવાનોએ અનોખી રીતે મનાવ્યો છે. રાજકોટના વતની અને ગાંધીનગરમાં રહેતા આ યુવાનોએ ગાંધીનગરના માર્ગો ઉપર રખડતી અને લઘરવઘર એક દિકરીને ધર્મની બહેન બનાવીને રાખડી બંધાવી હતી. બનેલી આ અનોખી હૃદયદ્રાવક ઘટનાથી સૌ કોઈની આંખો હર્ષના આંસુથી ભીંજાઈ ગઈ હતી.



ગાંધીનગરમાં રક્ષાબંધનના તહેવારે બનેલી એક હૃદયસ્પર્શી ઘટનાએ રક્ષાબંધનના પવિત્ર પર્વના હાર્દને ખરા અર્થમાં સાકાર કરી નાખ્યો હતો. જેમાં રાજકોટના વતની અને ગાંધીનગરમાં રહી નોકરી કરતા હાર્દિક જે. સોરઠીયા તથા પ્રતીક આર. વઘાસીયાએ અલગ જ પ્રકારે રક્ષાબંધનની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો અને નીકળ્યા નગરમાં જ્યાં એક સ્થળે રખડતી, ઘરવિહોણી અને લઘરવઘર ૧૨ વર્ષની દિકરીને જોઈને તેની પાસે રાખડી બંધાવવાનો નિર્ણય કર્યો. પ્રથમ તો દિકરી અને તેના પરિવારને જાણ કરી તો આ ગરીબ પરિવાર સુનમુન થઈ નિર્ણય કરી શક્યો નહી. પરંતુ ભાઈ બહેન આ પવિત્ર બંધનને આ રીતે આ યુવાનો સ્વીકારીને પોતાની દિકરીને ધર્મની બહેન બનાવીને રક્ષા બંધાવે તે યોગ્ય જણાયુ અને આ બે યુવાનોએ આ દિકરી પાસે હાજર સૌની હાજરીમાં રાખડી બંધાવીને યથાશક્તિ ભેટ આપી રક્ષા કરવાની જવાબદારી લીધી તે જોઈ સૌ કોઈની આંખમાં હર્ષના આંસુ સરી પડ્યા હતા.

ગરીબ પરિવારો માટે તહેવાર એ તમામ દિવસો જેવા સરખા જ હોય છે પરંતુ હાર્દિક અને પ્રતીકે આજે તેમના માટે ભગવાને મોકલેલા દૂત સમાન બન્યા હતા. રક્ષાબંધનમાં આ રીતે ઉજવાયેલી આ રસમ યાદગાર પળોમાં હરહંમેશ અકબંધ બને તેવુ પવિત્ર કાર્ય બની ગયું છે.

# સેકટર-૧માં રહેતા બેંકના જનરલ મેનેજરના બંગલે ચોરી

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સેક્ટર-૧ ખાતે રહેતા બેંકના જનરલ મેનેજર તેમની સાસુના અવસાનને પગલે પરિવાર સાથે વતન ગયા હતા. બંધ બંગલાનું તાળુ તોડીને અંદરથી તસ્કરો રોકડ રૂ. ૧૫૦૦ અને ચાંદીના ગ્લાસની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. સેક્ટર-૭ પોલીસે જનરલ મેનેજરના બંગલા માલીકની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

એસ.બી.આઈ. બેંકના જનરલ મેનેજર કોરયુ પરબિલ વર્ગીસ ગાંધીનગર શહેરના સેક્ટર-૧-સી ખાતે સ્થિત પ્લોટ નં. ૨૪૭/૨ માં રહે છે. તેમના સાસુનું અવસાન થતા તેઓ પરિવાર સાથે દશેક દિવસ માટે વતન ગયા હતા. આ દરમ્યાન બંધ રહેલા તેમના બંગલાનું તાળુ તોડી તસ્કરો કળા

## સાસુનું અવસાન થતા પરિવાર સાથે વતન ગયા ને તસ્કરો ઘરફોડ ચોરી કરી ગયા

કરી ગયા હતા. તેમના બંગલામાં ચોરી થઈ હોવાનું પડોશીનું ધ્યાન જતાં ફોન કરીને કોરયુ વર્ગીસને જાણ કરવામાં આવી હતી. બીજુ તાળુ બંગલે મારી દેવાનું તેમને જણાવતા પડોશીએ બંગલામાં બીજુ તાળુ મારી દીધુ હતુ. હવે સાસુના અવસાનની તમામ વિધિ સંપન્ન કરીને આવ્યા બાદ તેમણે જોયુ તો કંઈ ખાસ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યુ ન હતુ. રૂ. ૧૫૦૦ રોકડા તથા ચાંદીના ગ્લાસ મળીને કુલ રૂ. ૮,૫૦૦નો મુદ્દામાલ ચોરી થઈ ગયો હોવાનું ધ્યાને આવતા તેમની ફરીયાદનો આધારે સે. ૭ પી.આઈ. મીની જોસેફે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.



રક્ષાબંધન - ગાંધીનગરમાં રક્ષાબંધનનું પર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. ગાંધીનગરના નાગરિકોની સાથે સાથે રાજકીય આગેવાનો પણ આજના આ પર્વમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગાંધીનગર રાજભવન ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીને ગાંધીનગર-અમદાવાદ સ્થિત મંદબુદ્ધિના બાળકોની શાળાના બાળકોએ રક્ષાબંધન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો હતો. (તસવીર : દિપક જાની)

## વાતવાતમાં

● સે.૭ની આનંદ લાફીંગ કલબના ચંદ્રવદન મોદી અને તેમના ધર્મપત્ની કલ્પનાબેન મોદીની ૫૦મી લગ્નતિથીએ તેમના પુત્ર-પુત્રી, પુત્રવધુ અને પૌત્રોએ સવારમાં જ ઉજવણી કરીને મોદી દંપત્તિને સરપ્રાઈઝ આપ્યું હતું. લાફીંગ કલબના તમામ સભ્યોને કેક કાપીને મો મીઠું કરાવ્યું હતું.

● ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રિન્સીપાલ ફાધર હેક્ટર પિન્ટોનો આજે જન્મદિવસ છે. જો કે અનામત આંદોલનના કારણે ડહોળાયેલા વાતાવરણથી વ્યથિત થઈ તેમણે જન્મદિવસની ઉજવણી મોકૂફ રાખી ગુજરાતની શાંતિ અને એખલાસ માટે પ્રાર્થના કરશે.

● સવારે ભદ્રા નક્ષત્ર હોવાથી રક્ષાબંધનનું પર્વ બપોર પછી ઉજવાયું હતું. નગરજનોએ બપોર પછીના શુભ મુહૂર્તમાં જ રક્ષાબંધન ઉજવવાનું મુનાસીબ માન્યું હતું.

● તહેવારોની રજાઓમાં ફરવા બહાર ગામથી ગાંધીનગર આવેલા પરિવારો પાટનગરની મુલાકાતની યાદગીરી રૂપે વિધાનસભા આગળ ઉભા રહી ફોટા પડાવતા જોવા મળ્યા હતા.

● કલોલના એસ.ટી. વર્કશોપમાં અનામત આંદોલન બાદના તોફાનોમાં આશરે ૨૬ બસોની તોડફોડ કરાઈ હતી. આ અંગે પોલીસ દ્વારા ૧૨૦૦થી ૧૫૦૦ના ટોળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

- સમીર રામી
9924446645

# રાયપુર કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક સ્થિત રાયપુર નર્મદા કેનાલના પાણીમાં આજે એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ જોઈ કેનાલ સિક્યુરીટી ગાર્ડે સ્થાનિક પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી.

કેનાલમાંથી મૃતદેહ બહાર કાઢી પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. આશરે ૩૦ વર્ષના યુવાનના મૃતદેહ પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ જ પુરાવા મળી આવ્યા ન હતા. ડભોડા પોલીસે બિનવારસી યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની તથા તેના વાલીવારસની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

# સોશ્યલ મીડિયા પરનો પ્રતિબંધ - અફવાઓ રોકવાની આડમાં નાગરિકોના મૌલિક અધિકારોનું હનન




ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનની મહારેલી બાદ સર્જાયેલી પરિસ્થિતિને કાબૂમાં લેવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણયોમાં સરકાર દ્વારા અફવાઓને ફેલાતી અટકાવવા મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય પણ સામેલ છે. આજના ડીઝીટલ ઈન્ડીયાના યુગમાં જ્યારે મોટા ભાગની આવશ્યક સેવાઓ ઈન્ટરનેટના માધ્યમ થકી નાગરિકો દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે તે પણ અટકી જતા આ નિર્ણય ભારે ટીકાઓનો સામનો કરી રહ્યો છે. વળી, ઈન્ટરનેટનું માધ્યમ નાગરિકોની વિચારોની અભિવ્યક્તિનો મૌલિક અધિકાર ભોગવવાનું ખૂબજ અસરકારક માધ્યમ હોઈ રાજ્ય સરકારના નિર્ણયથી ભારતના બંધારણની ''ફ્રિડમ ઓફ એક્સપ્રેશન''ની જોગવાઈનો ભંગ થઈ રહ્યો હોવાની બુમરાણ ઉભી થવા પામી છે.

રાજ્ય સરકાર દ્વારા ઈન્ટરનેટ ઉપરાંત સોશ્યલ મિડીયા વ્હોટસએપ, ફેસબુક, હાઈક, ટ્વીટર જેવી સમાજનું નેટવર્ક જોડતી સેવાઓ પર પણ અંકુશ મુકી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ પાછળ સરકાર દ્વારા સોશ્યલ મીડિયાએ અફવાઓ ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવતું હોવાનું તારણ પ્રસ્તુત કરાયું છે. થોડા સમય પહેલા રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં રાત્રે ચોર-લુંટારાની અફવાઓ ફેલાઈ હતી તેમાં આ માધ્યમે ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો હતો તેવી દલીલ પણ આ નિર્ણયના સમર્થનમાં વ્યક્ત કરાઈ છે. જો કે આ સાથે અફવાઓના તે સમયમાં જાગૃતિ લાવવા માટે પણ પોલીસ દ્વારા આ જ માધ્યમનો બહોળો ઉપયોગ કરાયો હતો તે પણ નિર્વિવાદ હકીકત છે. સોશ્યલ મીડિયાનો ઉપયોગ યુવાવર્ગ દ્વારા સૌથી વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. આ બાબતને લક્ષમાં રાખતી રાજ્ય સરકાર દ્વારા એ વાતને સિફતપૂર્વક ભુલાઈ દેવાઈ કે ભારત એ વિશ્વનો સૌથી મોટો યુવાવર્ગ ધરાવતો દેશ છે. તેમજ આજની યુવા પેઢીએ ટેકનોલોજીના માધ્યમથી રાષ્ટ્રને સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે આખી દુનિયાના હરિફોને હંફાવ્યા છે. છાશવારે ગણ્યાં ગાઠ્યા ઉદાહરણોને આગળ ધરી યુવાનોને ઈન્ટરનેટના દુરૂપયોગ માટે ટોકતા રહેતા વહીવટદારો દેશમાં ટેકનોલોજીના વિકાસથી આવેલા પરિવર્તનને નજર અંદાજ કરતા રહે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનું ગર્વ લેતા રહેતા આ વહીવટદારો સમગ્ર ગુજરાતની જનતાના મૌલિક અધિકારોનું હનન થતા મૂંગા મોઢે જોઈ રહ્યાં છે.

## વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં વિચારોની અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર તરાપ : ટેકનોલોજીના યુગમાં વીજળી-ગેસ-ટેલિફોનના બીલ અને ઈન્કમટેક્ષ સુદ્ધા 'ઓનલાઈન' ભરાય છે તે સરકાર કેમ ભુલી ગઈ ?

ગાંધીનગરના જાગૃત નાગરિકો રાજ્ય સરકારના આ નિર્ણય સામે સવાલ ઉઠાવ્યો છે કે શું દુનિયાની સૌથી મોટી લોકશાહીમાં આપણે વિચારોની અભિવ્યક્તિ પણ ના કરી શકીએ ? આ અભિવ્યક્તિને સ્વતંત્રતા આપવી નહી તેવું દેશના બંધારણમાં ક્યાંય લખ્યુ નથી તો આ સંદર્ભે રાજ્ય સરકારનો નિર્ણય એ ફ્રિડમ ઓફ એક્સપ્રેશનના અધિકારના ભંગ સમાન છે તો સરકાર પોતાનું સ્ટેન્ડ કલીઅર કરશે?

ટેકનોલોજીના આ યુગમાં તમામ આવશ્યક સેવાઓ જેમકે ટેલિફોન, ગેસ, ઈલેકટ્રીસીટી, મોબાઈલ, બેંકિંગ ઉપરાંત સરકારના મહેસુલ વેરા જેવા કે ઈન્કમ ટેક્ષ, વેટ અને સર્વિસટેક્ષ વગેરે ઓનલાઈન ભરનારા માટે સરકાર જ આડખીલીરૂપ બની બેઠી છે. રાજ્ય સરકારને માર્ગદર્શન આપનારા સનદી અધિકારીઓની ફરજ છે કે આઝાદીની ખેવના રાખતી પ્રજાના મૂળભૂત અધિકારોનું રક્ષણ થાય તે અનુસાર નિર્ણયો લેવામાં આવે. અફવા કોઈ પણ માધ્યમથી ફેલાય તો તેને રોકવાની જવાબદારી તંત્રની છે પરંતુ તેની આડ લઈને સમગ્ર પ્રજાને બાનમાં લેવાય તેવા નિર્ણયો લેવાય તે અત્યંત ખેદજનક બાબત છે.

# જૂના સચિવાલયમાં તસ્કરોનો હાથફેરો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં સ્થિત જુના સચિવાલયમાં બ્લોક નં. ૨૦ મહિલા અને બાળ વિકાસ

## મહિલા અને બાળ વિકાસ કચેરીની બારીમાંથી કોમ્પ્યુટરના બે મોનીટરની ઉઠાંતરી

કચેરીને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું હતું. બે દિવસ અગાઉ રાત્રી દરમ્યાન ત્રાટકેલા તસ્કરો કચેરીની બારીમાંથી કોમ્પ્યુટરના બે મોનીટરની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવતા હિસાબી અધિકારીએ સેક્ટર-૭ પોલીસમથકમાં ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય સ્થિત બ્લોક નં. ૨૦ મહિલા અને બાળ વિકાસ કચેરીમાં ૨૭ ઓગષ્ટે સાંજે સવા સાતથી ૨૮ ઓગષ્ટે સવારે સવા દસ વાગ્યા દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા.

કચેરીની બારીમાંથી તસ્કરો કોમ્પ્યુટરના બે મોનીટર ઉઠાવી ગયા હતા. રૂ. ૨ હજારની કિંમતનું એક અને રૂ. ૨૪૦૦ની કિંમતનું એક મોનીટર મળીને કુલ રૂ. ૪૪૦૦ની કિંમતના બે મોનીટરની ઉઠાંતરી કરી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયો હોવાનું ધ્યાન પર આવતા હિસાબી અધિકારી વિનુભાઈ દેવજીભાઈ રાઠોડે સે. ૭ પોલીસમથકમાં ચોરીની ફરીયાદ આપી હતી. સે. ૭ પીએસઆઈ વી.એલ. બોડાણાએ ગુનો નોંધીને ચોરને પકડવા તપાસ શરૂ કરી દીધી છે.

## ચિરવિદાય

● સ્વ. લક્ષ્મીબેન લલ્લુભાઈ સોલંકી (ઉ.વ.૮૦)